# પ્રવચન નં. ૯-અ તથા ૯-બ તા.૨૯,૩૦-૮-૮૭
# ઉત્તમ માર્દવ તથા ઉત્તમ આર્જવ દિન
# સમયસાર ગાથા-૧૧

અહીંયા તો ઉત્તમ વિશેષણ છે એટલે સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રની વાત ચાલે છે. એનો શ્લોક ૮૭ મો છે.

**અર્થ :**-ઉત્તમ, જાતિ, કુળ, બળ, જ્ઞાન વગેરેના અભિમાનનો ત્યાગ, નાસ્તિથી વાત કરે છે. એવા અભિમાનનો ત્યાગ તે માર્દવ છે. આ માર્દવધર્મનું અંગ છે. જેઓ પોતાની સમ્યગ્જ્ઞાનરૂપી દૃષ્ટિથી, સમ્યગ્જ્ઞાની, ધર્મી જીવ પોતાની સાચી સુદૃષ્ટિથી સમસ્ત જગતને સ્વપ્ન તથા ઈન્દ્રજાલની સમાન દેખે છે. અમે તેના દર્શન કરશું. તે સિધ્ધમાં હશે. અમે જયારે દીક્ષા લેશું ત્યારે સિધ્ધપદમાં બિરાજમાન હશે. એવા સોગાનીજીએ એક પ્રસંગે બપોરે ચર્ચા ચાલતી હતી. ત્યારે એક મુમુક્ષુએ એમ પ્રશ્ન કર્યો તમને આ બધી ચર્ચામાં રસ છે અને અત્યારે ત્યાં બહેનશ્રીની ભક્તિ ચાલે છે તેમાં તમે ન જતાં અહીંયા બધાની સાથે ચર્ચા કરો છો. ત્યારે તેઓશ્રીએ તરત જ ઉત્તર આપ્યો કે આ બધી ક્રિયા જાગ્રત અવસ્થામાં થતી દેખાતી નથી.

**તેઓ તે ઉત્તમ નિરભિમાનપણે જ કેમ ન ધારે? અર્થાત્ અવશ્ય ધારણ કરે છે.** અહીં મુખ્યપણે મુનિની અપેક્ષાએ કથન છે.શુભરાગ તે ધર્મમાં સહાય કે મદદકર્તા નથી. આત્મા ચૈતન્યસ્વરૂપ છે. જાણનાર, જાણનાર, જાણનાર છે, જ્ઞાનમય આત્મા છે. તે જ્ઞાનમય આત્મા વિકાર રહિત છે. આમ પોતાના નિશ્ચયસ્વભાવની ઓળખાણ વડે, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યા પછી વિશેષ સ્વરૂપસ્થિરતાથી ચારિત્રદશા પ્રગટે છે. તે દશામાં ધર્મીજીવને એવી આત્મસ્થિરતા હોય છે કે જાતિ, કુળ વગેરેના અભિમાનનો વિકલ્પ પણ ઉઠતો નથી. અભિમાન તો ચકચૂર થઈ ગયું છે. પણ અભિમાનનો વિકલ્પ પણ ઉઠતો નથી. એનું નામ ઉત્તમ માર્દવધર્મ છે.

જે ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખે નહીં, જ્ઞાતાને ઓળખે નહીં અને જ્ઞાતાને કર્તા માને, આહાહા! જે ચૈતન્યસ્વરૂપ જ્ઞાન વડે શુધ્ધાત્માને ઓળખે નહીં અને શરીર, કુટુંબ, કુળ વગેરેને પોતાનાં માને તેને કદી જાતિમદ વગેરે ટળે નહીં. અને તેને ઉત્તમ માર્દવધર્મ હોય નહીં. ધર્મી જીવને ખરેખર જાતિ-કુળ-ધન વગેરેનો મદ, અભિમાન હોતા નથી. કેમકે તે જાણે છે કે હું તો જાણનાર છું, કેમકે તે એમ જાણે છે કે હું તો ચૈતન્યમૂર્તિ આત્મા જાણનાર છું. જાણનાર હોવાથી હું કરનાર નથી. હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા છું. આત્માને શરીર જ નથી. આત્મામાં શરીરની નાસ્તિ છે. આત્મામાં

શરીરનો અભાવ છે. અને માતા-પિતા, કુળ, જાતિ, ધન વગેરે પણ આત્માને નથી. આત્મામાં એ નથી.

આમ પોતાના સમ્યગ્જ્ઞાન વડે, આત્મઅનુભવરૂપ સમ્યગ્જ્ઞાન વડે સમસ્ત જગતને પોતાથી જુદું દેખનારને નિરભિમાનપણું કેમ ન હોય? હોય જ. આત્માની જાતિ-આત્માની જાતિ શું? આત્માનું કુળ શું? આત્માની જાતિ શુધ્ધ ચૈતન્યધાતુ નિત્ય આનંદકંદ છે એ આત્માની જાત છે. રાગ તે આત્માની જાત નથી. કર્મ ને શરીર તો આત્માની જાત ન જ હોય પણ પરાશ્રિત વિભાવભાવ તે પણ આત્માની જાત નથી. આત્માની જાતિ શુધ્ધચૈતન્યધાતુ નિત્ય આનંદકંદ છે. નિત્ય. અનિત્ય આનંદ નહીં. ભગવાનઆત્મા નિત્ય આનંદકંદ છે. વીતરાગતા આત્માનું કુળ છે. જાતિ કઈ છે ચૈતન્યની અને આત્માનું કુળ કયુ? કે વીતરાગતા એ આત્માનું કુળ છે ને ચૈતન્ય કેવળજ્ઞાન લક્ષ્મીનો પોતે સ્વામી છે. એ સિવાય બીજા કોઈ જાતિ-કુળ કે લક્ષ્મીને જ્ઞાની પોતાનું માનતા નથી. તેથી તેમને તેનું અભિમાન હોતું નથી. શરીર કે શરીર સંબંધી કોઈ પદાર્થો જ્ઞાનીને પોતાપણે ભાસતા નથી. પરપણે ભાસે છે પણ સ્વપણે ભાસતા નથી. રાગ કે અધૂરા જ્ઞાનને પણ તે પોતાનું સ્વરૂપ માનતા નથી. રાગ, જ્ઞાન એટલે ઈન્દ્રિયજ્ઞાન કે અલ્પ અતીન્દ્રિયજ્ઞાન કે અધૂરા જ્ઞાનને પણ તે પોતાનું સ્વરૂપ માનતા નથી. પણ પરિપૂર્ણ સ્વભાવને જ પોતાનો જાણીને તેની શ્રધ્ધા કરે છે..... આમ હોવાથી જ્ઞાનીને જાતિમદ, કુળમદ, જ્ઞાનમદ કે બળમદ હોતા નથી. જાતિ-કુળ વગેરેને પોતાથી જુદા જાણ્યા છે તેથી તેનું અભિમાન થતું નથી. એ રીતે, સમ્યગ્જ્ઞાન જ ઉત્તમ માર્દવધર્મનું મૂળ છે. એમ અહીં બતાવ્યું છે.

હવે આવી એક ચારિત્રદશા મુનિરાજને પ્રગટ થયેલી હોય છે. એ ચારિત્રદશાનું મૂળ કારણ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય તેના માટે સ્પેશ્યલ સમયસાર શાસ્ત્રની રચના થઈ છે. અનાદિ અપ્રતિબુધ્ધ અજ્ઞાની મિથ્યાદષ્ટિ જીવો મિથ્યાત્વભાવનો અભાવ કેમ થાય અને પ્રતિબુધ્ધ જ્ઞાની થઈને સમ્યગ્દર્શન કેમ થાય એટલે કે આત્માનો અનુભવ કેમ થાય. આત્માના અનુભવનું નામ સમ્યગ્દર્શન છે, આત્માના અનુભવનું નામ સમ્યગ્જ્ઞાન છે અને આત્માના અનુભવનું નામ જ (સમ્યક્)ચારિત્ર છે. એવી સમ્યગ્દર્શનની દશા કેમ પ્રગટ થાય તે આપણને સમયસારમાં ૧૧મી ગાથામાં (જોવા મળે છે.) સમયસારમાં ૧૧મી ગાથા સમ્યગ્દર્શનની ગાથા છે. (સમ્યગ્દર્શન) કેમ પ્રગટ થાય. સમયસાર ગાથા ૧૧-તેની ટીકા.

**વ્યવહારનય**-વ્યવહારનયના બે પ્રકાર છે. એક પરાશ્રિત વ્યવહાર અને એક ભેદાશ્રિત વ્યવહાર. એ બધોય અભૂતાર્થ હોવાથી, જે આત્માના સ્વભાવમાં ન હોવાથી **અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે.** આ થોડી સૂક્ષ્મ વાત છે આમાં. પહેલાં સ્થૂળ વાત કરી કેમકે ઘણા નવા ભાઈઓ-બહેનો પણ આવ્યા હોય. શું કહેવા માગે છે? કે ભૂતાર્થ પોતાનો શુધ્ધ આત્મા જે છે તેનો આશ્રય કરનાર જ સમ્યગ્દર્શનને પામે છે. વ્યવહારનો આશ્રય કરનારા સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરતા નથી.

સ્થૂળ અપેક્ષાએ જોઈએ તો, કે આ ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા છે તેમાં દેહનો અભાવ છે. આ દેહ નોકર્મ દેખાય છે ને તેમાં તેની નાસ્તિ છે. અસ્તિ-નાસ્તિ અનેકાંતમાં આત્મા આત્માપણે છે અને દેહપણે નથી. તેથી દેહ મારો નથી, દેહ મારામાં નથી, મારો નથી કેમકે મારામાં એ નથી. અભાવ સ્વભાવે છે. આત્મા દેહના અભાવ સ્વભાવે અનાદિ-અનંત બિરાજમાન છે જ્ઞાનાનંદ પરમાત્મા. જ્ઞાનાનંદ પરમાત્મામાં નોકર્મનો અભાવ છે. તેથી નોકર્મ એટલે શરીરની હલતા હાથને હું હલાવતો નથી અને ચાલતા પગને હું ચલાવતો નથી. ઉપાદાનપણે તો હું તેનો કર્તા નથી પણ નિમિત્તપણે પણ હું તેનો કર્તા નથી. કેમકે હું જાણનાર છું. જાણનાર તત્ત્વ હોય એ કરનાર બની શકે નહીં. છતાં જાણનાર તત્ત્વને, જ્ઞાતા તત્ત્વને કર્તા માને તો તેનું અજ્ઞાન ઊભું થાય છે. પણ એ ભગવાન જ્ઞાતા તો કર્તા બની શકતો નથી.

પછી અંદરમાં આઠ પ્રકારના કર્મનો સંયોગ સંબંધ છે સંસારી જીવને, એ જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકારના કર્મ છે. પૂર્વે અજ્ઞાનના નિમિત્ત પામીને આઠ કર્મનો બંધ સંયોગરૂપે છે. તેનો શુધ્ધાત્મામાં ત્રણેકાળ અભાવ છે. આત્મામાં કર્મ નથી. કર્મ પણ આત્મામાં નથી અને નોકર્મ પણ આત્મામાં નથી. એવા આત્માને અજ્ઞાનીએ જોયો નથી. એટલે વાત જરા સાંભળવી, સમજવી કઠણ લાગે છે પણ ધ્યાનથી એ સાંભળે તો સમજાય એવી પણ છે. આત્મામાં આઠ પ્રકારના કર્મની નાસ્તિ છે. એવો અસ્તિરૂપ આત્માનો સ્વભાવ છે. તેથી આઠ પ્રકારના કર્મને, ભગવાનઆત્મા ઉપાદાનપણે કરતો પણ નથી અને ભોગવતો પણ નથી. અને કર્મ બંધાય તેમાં આત્માનું નિમિત્તપણું પણ નથી. કેમકે જાણનાર છે તે બંધમાં નિમિત્ત ન થાય. આત્મા જાણક તત્ત્વ છે. આત્મા જ્ઞાનમય છે. જ્ઞાન-દર્શનમય આત્મા છે. આત્મા સ્વભાવે જ્ઞાયક હોવાથી જ્ઞાતા છે. દિવ્યધ્વનિમાં સર્વજ્ઞ ભગવાનની દિવ્યધ્વનિમાં એમ આવ્યું છે, સાંભળનારે એમ સાંભળ્યું છે કે અમે પણ જ્ઞાતા અને તમે પ્રભુ જ્ઞાતા છો.

તમે કર્તા નથી. એમ અમારા આત્માને અમે પ્રત્યક્ષ જોયો છે. તેથી અમે તમારા આત્માને પણ જ્ઞાતા જોઈ રહ્યા છીએ, અત્યારે. ભલે તું સ્વીકાર ન કરતો હો, તું એમ માનતો હો કે રાગાદિનો હું કર્તા છું, પણ પ્રભુ! તું કર્તા થાય એવો તારો સ્વભાવ નથી. એ આઠ કર્મનો કરનાર આત્મા નથી.

એ તો જાણનાર, જાણનાર, જાણનાર છે. જાણનારને જાણતાં થોડા અલ્પ કર્મ બંધાય અને કર્મ ખરે તેને જાણે. પણ એ કર્મને લાવે, મુકે, છોડે એ જાણકતત્ત્વમાં ત્રિકાળ અભાવ છે. જાણનાર તત્ત્વ છે. સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું કે તમે બધા જ્ઞાતા છો. તમે રાગના ને કર્મના ને નોકર્મના કર્તા અમે તમને જોતાં નથી. સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું, તીર્થંકરની વાણીમાં આવેલી વાત છે. સંતો અનુભવીને કહે છે કે ભગવાનઆત્મા જ્ઞાતા છે, કર્તા નથી. અરે! કર્તાના પક્ષમાંથી છૂટીને જ્ઞાતાના પક્ષમાં તો આવ! એ જ્ઞાતાના પક્ષમાં આવશે તે સાક્ષાત જ્ઞાતા થશે. પણ કર્તાના પક્ષમાં રહેશે. આહાહા!

( રાગનું ) કરવું એવો કોઈ ગુણ આત્મામાં નથી. પ્રભુ! એકવાર જ્ઞાતાના પક્ષમાં તો આવી જા.

કે હું તો જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર છું. જાણનારના પક્ષમાં આવશે તો જાણનાર જણાય જશે અને કર્તાબુધ્ધિ છૂટી જશે. આ આરાધનાના દિવસો છે. હું જાણનાર છું. એ જાણનાર છું, જ્ઞાતા છું એના પક્ષમાં તો આવ! આહાહા! સંતો તો એમ કહે છે કે એવા નિશ્ચયનયના પક્ષમાં જે આવ્યો, અપૂર્વ પક્ષમાં આવ્યો અમે તો એને એમ કહીએ છીએ કે સમકિત થઈ ગયું. આહા! એ પક્ષ જુદી જાતનો છે. હું પક્ષમાં આવ્યો એ કલ્પનામાં એ પક્ષ નથી.

કહે છે કે સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું કે  અમે જ્ઞાતા અને તમે પણ જ્ઞાતા છો. દોઢ વર્ષ પહેલાં આત્મધર્મ નીકળ્યું તેમાં ચોથા બોલમાં, ગુરુદેવનો એક બોલ છે. કે જેમ સિધ્ધ ભગવાન જાણનાર-દેખનાર છે એમ તું પણ જાણનાર-દેખનાર છો. કેની હારમાં મૂકયા? બધાને કેની હારમાં, હરોળમાં મૂકયા? સિધ્ધ ભગવાનની હારમાં, હરોળમાં મુકી દીધા. કે જેમ સિધ્ધ ભગવાન જાણનાર-દેખનાર છે એમ તું પણ અત્યારે જાણનાર છો. તર્ક ઉઠાવીશ નહીં. અધુરા-પૂરાનો પ્રશ્ન નથી. અને સિધ્ધ ભગવાન જાણનારથી જરાક જો જુદો પડયો અને કર્તાનો કાંટો ઉઠયો, સોલો ઉઠયો તો, આહાહા! એ તો સંસાર ઊભો થઈ ગયો કારણ વગરનો.

આત્મા સ્વભાવથી જ્ઞાતા છે. અકૃત્રિમ જ્ઞાતા છે. પછી એમ કેમ એ કહે કે હવે આત્મા રાગને કરે, એવી વાણી જ્ઞાનીની હોય શકે નહીં. હવે નોકર્મ અને શરીરની વાત કરી કે આત્મામાં અભાવ છે તેથી તેનો કર્તા નથી. હવે અંદરમાં રાગ ઉત્પન્ન થાય, પરાશ્રિત રાગ. એ રાગનો પણ આત્મામાં અભાવ છે. ત્રિકાળ અભાવ છે. સમયમાત્ર જો રાગનો આત્મામાં સદભાવ આવી જાય તો આત્મા મલિન થઈ જાય,... રહે નહીં તો સમ્યગ્દર્શન પ્રગટ થઈ શકે નહીં. તો શરીર શરીરરૂપે હો, લોકાલોક? લોકાલોકરૂપે ભલે હો પણ મારામાં એનો અભાવ છે, ત્રિકાળ અભાવ છે.

તેથી આત્મા રાગને ઉપાદાનપણે કરતો નથી ને નિમિત્તપણે પણ કરતો નથી. કેમકે જ્ઞાતા રાગને ન કરે. રાગને કરે એ જ્ઞાતા નથી. એ તો અજ્ઞાની બની જાય છે. આત્મા જાણનાર છે, જાણનાર પણ છે અને રાગનો કરનાર પણ છે એમ વસ્તુના સ્વભાવમાં નથી. કથંચિત કહો તો અનેકાંત થશે નહીંતર એકાંત થઈ જશે. ભાઈ! પ્રભુ! સાંભળ! સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું, સંતોએ કહ્યું ને સાંભળનારને ભાસ્યું કે ભગવાનઆત્મા તમે બધા જ્ઞાતા છો. કર્તાપણું તો તમારા સ્વભાવમાં નથી એ તો અજ્ઞાનીને પ્રશ્ન થાય કે રાગને કોણ કરે છે? કે અશુધ્ધ ઉપાદાન કરે છે. ત્રિકાળી ઉપાદાન જ્ઞાયક ભગવાન, ચીમનભાઈ! આહાહા!

ક્ષણિક ઉપાદાન એટલે અશુધ્ધ ક્ષણિક ઉપાદાન એ કરે છે ઉપાદાનપણે તો નિમિત્તપણે એનો કર્તા કોણ? આત્મા છે કે અન્ય? કે અન્ય કર્મ નિમિત્તકર્તા છે. એનાથી ભિન્ન ભગવાનઆત્માને જાણે તેને પ્રભુ નિશ્ચય કહે છે. એ વાત કરી કે વ્યવહારનય બધોય અભૂતાર્થ છે. એમ શબ્દ પડયો છે. ચાર પ્રકારના

વ્યવહાર. બુધ્ધિપૂર્વક રાગ, અબુધ્ધિપૂર્વક રાગ. બુધ્ધિપૂર્વક રાગ ઉત્પન્ન થાય એ અસદભૂત, ઉપચરિત અસદભૂત વ્યવહારનયનો વિષય છે. કેમકે અસદભૂત એટલા માટે કે આત્મામાં રાગ નથી. માટે અસદભૂત છે. આત્મામાં નથી માટે ચૈતન્યમાં એ ભાત પણ પડતી નથી. નાસ્તિ છે. ચૈતન્ય સ્વભાવમાં અસ્તિમાં રાગની નાસ્તિ છે. નાસ્તિ હોવાથી જે જેમાં ન હોય એને કરી શકે નહીં અને રાગની ક્રિયાનો કરનાર પર્યાયની ક્રિયા પર્યાય કરે છે. પર્યાયનું કારણ પર્યાય છે. માટે પર્યાયનો કર્તા પર્યાય પણ થાય અને પર્યાયનો કર્તા જ્ઞાયક પણ થાય એમ એક ભાવના બે કર્તા હોય શકે નહીં. આહાહા!

જેમ એક દ્રવ્યના પરિણામના બે કર્તા ન હોય. સ્થૂળ અપેક્ષા. અહીંયા સૂક્ષ્મ અપેક્ષા કહે છે કે, જ્યારે રાગને કરનાર, આહા! ક્રિયાના કારકો અશુધ્ધ ઉપાદાનમાં ઊભા થાય છે. પણ એ ભગવાનઆત્મા નિષ્ક્રિય પરમાત્મા જાણનાર, જાણનાર, જાણનાર. જાણનાર તો જાણનારપણે જાણનારને જાણતાં, આ રાગની ક્રિયા પર્યાય કરે છે, હું કરતો નથી. એમ જાણક તત્ત્વમાં જાણી લીધું એને રાગનું કરવાપણું હોતું નથી પણ આત્માને જાણવાનું ભૂલીને રાગનો જાણનાર છું, રાગનો જાણનાર છું, રાગનો જાણનાર છું, આહાહા!

બુધ્ધિપૂર્વક રાગ અને અબુધ્ધિપૂર્વક રાગ આત્મામાં નથી. વ્યવહારનય કહે છે કે આત્મામાં છે. મિથ્યા ઉપદેશ આપે છે. વ્યવહારનય મિથ્યા ઉપદેશનો દેનાર છે. માટે તે મિથ્યા છે. અને તેના ઉપર દૃષ્ટિ રાખતાં જીવ મિથ્યાદૃષ્ટિ છે. આવું શાસ્ત્રનું વચન છે. આહા! માટે રાગ આત્મામાં નથી, આત્મામાં જ્ઞાન છે એમ લે ને! રાગ છે એમ ત્યાંથી કયાંથી ઉપડશ! જ્ઞાન છે. જ્ઞાન થાય છે એમ લે ને! આહા! જ્ઞાન થાય છે ને રાગ જણાય છે એમ લે ને! જ્ઞાતામાં તું આવ ભલે રાગનું જાણવું... રાગના જાણવાના બ્હાના નીચે પણ જાણવામાં આવી જા ને! આહાહા!

કહે છે બે પ્રકારના વ્યવહાર ભગવાનઆત્મામાં નથી. અસદભૂત વ્યવહાર. પછી કહે છે કે રાગને જાણનારું જ્ઞાન એ આત્મામાં નથી. કેમકે રાગને જાણનારું જે જ્ઞાન છે તેને ઉપચરિત સદભૂત વ્યવહાર કહે છે. સદભૂત એટલા માટે કે જ્ઞાનની પર્યાય આત્માની છે માટે સદભૂત. એટલો ગુણગુણીનો ભેદ પડયો-જ્ઞાનની પર્યાય ને આત્માનો. માટે ભેદાશ્રિત વ્યવહાર અને ઉપચરિત એટલા માટે છે કે રાગને જાણે છે. જાણે છે આત્માને અને કહે છે કે રાગને જાણે છે. એ ઉપચારનું કથન થઇ ગયું.

એ આત્મામાં નથી. રાગને જાણનારું જ્ઞાન તેનો પણ આત્મામાં અભાવ હોવાથી એ જ્ઞાનનો પણ કર્તા આત્મા નથી. આહાહા! આ તો મોટા દિવસો છે ને! મોટા દિવસે ઉંચી વાત હોય. આહા! કેમકે રોજ તો આવનારા બધા ન હોય ને આ પર્વના દિવસમાં આવે તો થોડીક ઉંચી વાત લઇને જાય તોપણ સારું. કે રાગને જાણે છે જ્ઞાન તે જ્ઞાન... આહા! પ્રભુ! એક વખત રાગને જાણવાનો પક્ષ છોડી દે. રાગને હું જાણું છું, એ પ્રભુ! એ પક્ષ છોડી દે. તું રાગનો જાણનારો નહીં, આહાહા! રાગ ઉપર લક્ષ રહેશે

ત્યાં સુધી રાગ સમ્યક્ પ્રકારે નહીં જણાય પણ રાગમાં આત્મબુદ્ધિ થયા વિના રહેશે નહીં. આહાહા! છોડી દે રાગને જાણવાનું. જાણનારને જાણ ને. આહા!

સવારે ઉઠીને કષાયના શા માટે દર્શન કરશ! રાગ તો કષાય છે. નથી કહેતાં કે આજે કોનું મોઢું જોયું છે. દિવસ બગડી ગયો. અમારામાં અહીંયા તે ચાલે છે. એ તો કલ્પના છે ખાલી. હેં! આ.. રાગને હજી તારે જાણવો છે, એમ? આહા! આવા ગુરુ મળ્યા અને હજી રાગને તારે જાણવો છે? જાણનારને જાણી લે ને! જાણનારને જાણ્યા પછી રાગ જણાય તો તેને વ્યવહાર કહેવામાં આવે છે. એ રાગને જાણનારું જ્ઞાન પણ ભગવાનઆત્મામાં નથી. એવું ઉપચરિત સદભૂત વ્યવહારનયનો વિષય અભૂતાર્થ, આત્માના ત્રિકાળ સ્વભાવમાં ત્રિકાળ અભાવ છે. એવો સ્વભાવ ઉપાદેય છે. પછી ચોથો બોલ કહે છે કે જ્ઞાન તે આત્મા. જે જ્ઞાન આત્માને જાણે તે જ્ઞાનનો આત્મામાં અભાવ છે. કેમકે એટલો ભેદ પડયો. આહાહા! એ ભેદના લક્ષે પણ અનુભૂતિ નહીં થાય.

ફરીથી, જ્ઞાન તે આત્મા એટલે જ્ઞાન આત્માને જાણે છે તે અણઉપચરિત સદભૂત વ્યવહાર થયો. સદભૂત એટલા માટે કે જ્ઞાન આત્માનું છે માટે સદભૂત. વ્યવહાર એટલા માટે છે કે ભેદાશ્રિત છે માટે વ્યવહાર અને અનુપચરિત એટલા માટે કે એ જ્ઞાન આત્માને જાણે છે એમ આવ્યું માટે અનુપચરિત કહેવામાં આવે છે. હે ભગવાન! આહાહા! ભગવાન થઈને ભગવાનને જાણે તો જ્ઞાન કહેવાય. જ્ઞાન આત્માને જાણે તેમાં આત્મા જણાતો નથી. એટલા ભેદનું લક્ષ છોડીને અભેદ સામાન્યનું લક્ષ કર તો તને આત્માનો અનુભવ થશે. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થશે. શું કહ્યું?

વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી થવાથી નહીં. ત્રિકાળ! થાય તો નવું થાય. છે એ તો જૂનું અનાદિનું છે. ભગવાનઆત્મામાં ચાર પ્રકારના વ્યવહારની નાસ્તિ છે. આહાહા! એમાં તો અનંતગુણોની અસ્તિ છે. તેમાં ગુણભેદની પણ નાસ્તિ છે. તો પર્યાયભેદનો તો સવાલ જ ઉઠતો નથી. પર્યાય નાશવાન છે તેમાં અવિનાશી તત્ત્વમાં તો તેની નાસ્તિ છે. પણ અવિનાશી જે ગુણો છે આત્મામાં અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, પ્રભુત્વ, વિભુત્વ. અનંત અનંત શકિતએ બિરાજમાન ભગવાન ગુણી પરમાત્મા છે. તેમાં ગુણભેદના વ્યવહારનો પણ અભાવ છે. એ ગુણભેદ તેમાં દેખાતો નથી ત્યારે અભેદ ગુણી તેની દષ્ટિમાં આવતાં અનુભવ થાય છે અને અનુભવને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. અનુભવનું નામ જ સમ્યગ્દર્શન, અનુભવનું નામ જ સમ્યગ્જ્ઞાન અને અનુભવનું નામ (સમ્યક્)ચારિત્ર. આહાહા!

કહે છે, 'હોવાથી' શબ્દ વાપર્યો. દેવસીભાઈ કહે હોવાથી! હા, જૂના છે હો એ! હા. મારે તેની તલવાર છે. મારે તેની તલવાર છે, બહારમાં. બહારમાં અનુકૂળતા ન હોય તેને ન જો, પ્રભુ! તેને ન જો. આહા! તેનામાંથી શું ભાવ આવ્યો એ તો જો! 'હોવાથી' શબ્દ છે. 'થવાથી' નહીં. અભૂતાર્થ થવાથી તો એ તો પૂર્વે વ્યવહાર અંદરમાં આવી ગયો. ત્રણેકાળ વ્યવહારની નાસ્તિ છે. આહા! ક્ષણિક પર્યાયનો

ત્રિકાળ સ્વભાવમાં ત્રિકાળ અભાવ છે માટે પર્યાયનો આશ્રય છોડી, પર્યાયનું લક્ષ છોડી, ફેર પાડ ને! એ તો દિલ્હી બહુ દૂર છે. આહા! અહીંયાં તો કહે છે કે જાણનારને જાણ ને! રાગનું કરવું એ આત્માના સ્વભાવમાં નથી અને પરમાર્થે રાગનું જાણવું પણ આત્માના સ્વભાવમાં નથી. આહાહા! પરમાર્થે! આત્માને જાણ્યો પછી વ્યવહાર જણાય તેને વ્યવહાર કહેવામાં આવે છે. ભાવબંધમાં નાખ્યું છે. પુગલજી સાહેબ! અધ્યવસાન, ધર્માસ્તિકાયને હું જાણું છું, પ્રભુ! આ તો કુંદકુંદની વાણી નામ તેનું ત્રીજું પથાર્થ છે. ભાવબંધમાં છ દ્રવ્ય સર્વજ્ઞ ભગવાને કહ્યા તેને હું જાણું છું, તે જાણનારને ભૂલી ગયો.

## તા. ૩૦-૮-૮૭

આજે દસ લક્ષણ ધર્મનો ત્રીજો ઉત્તમ આર્જવ ધર્મનો દિવસ છે. ઉત્તમ આર્જવ ધર્મનો દિવસ કહેવાય છે. સામાન્ય-વિશેષ ધર્મ હોય છે. જીવોને-કેટલાક જીવોને તો સરળતા હોય છે તે રાગ છે. શુભરાગભાવથી સરળતા થાય છે. ..... સમ્યગ્દર્શન વિનાની સરળતા એ શુભ રાગ છે. ......... કહે છે કે કપટનો ભાવ જ ઉત્પન્ન થવા ન દેવો તે ઉત્તમ સરળતા છે. (આત્મા જ્ઞાન, આનંદની મૂર્તિ, ક્રોધ, માન, માયા, લોભથી) રહિત છે. રહિત થાય છે એ પર્યાયનું વિશેષણ છે. ક્રોધ, માન, માયા, લોભથી રહિત છે. એ દ્રવ્ય સ્વભાવની અપેક્ષા છે. બે અપેક્ષા સમજવી જોઈએ. તેને જેવો છે તેવો સમજવો અને શ્રધ્ધામાં વક્રતા ન કરવી. આત્માને રાગી માનવો એ વક્રતા છે. સરળતા નથી.

આત્મા રાગી નથી. આત્મા રાગથી રહિત શુધ્ધ ચૈતન્ય પ્રતિમા જ્ઞાયક તત્ત્વ છે. ...જ્ઞાનની પર્યાયમાં તો, સવિકલ્પ ભેદજ્ઞાનમાં તો આવે! કહે છે કે વક્રતા ન કરવી કે સમ્યગ્દર્શનરૂપ સરળતા છે અને ચૈતન્ય સ્વરૂપને જેમ છે તેમ ન માનતાં સ્વરૂપની આડાઈ કરીને, આડોડાઈ, પુણ્ય-પાપવાળો માનવો તે અનંત કપટ છે. આહાહા! સંસારીજીવ તો પુણ્ય-પાપવાળા જ હોય ને! ના ભાઈ! તારી વિચારદશામાં મોટી ભૂલ છે. અનુભવ તો તને નથી પણ તારી વિચાર કોટિ ખોટી છે. ભગવાનઆત્મા તો પુણ્ય-પાપથી રહિત છે.

એક વ્યાખ્યાનમાં ૬૦ મિનિટના વ્યાખ્યાનમાં, ગુરુદેવના વ્યાખ્યાનમાં આવતું હતું કે ભગવાનઆત્મા પુણ્ય-પાપથી ભિન્ન છે. એવા શુધ્ધાત્માને લક્ષમાં લે. ભિન્ન છે. આહાહા! ઓછામાં ઓછું દસ-વીસ વખત આ વાકય કહેતા હતા. પાપ તો ઠીક, આ પુણ્યશાળી છે. આત્માને એ ગાળ દયે છે ઈ.... તે અનંત કપટ છે. સાધારણ કપટ નથી. સંસારી જીવ તો પુણ્ય-પાપવાળા જ હોય ને! તે સિધ્ધ પરમાત્મા થાય ત્યારે પુણ્ય-પાપથી રહિત આત્મા હોય. અત્યારે તો પુણ્ય-પાપવાળો, પુણ્ય-પાપથી સહિત આત્મા હોય, તો કહે ના.

આત્મા જ્ઞાનમય છે ને રાગમય નથી. રાગના બે પ્રકાર. પુણ્ય રાગ અને પાપ રાગ. એનાથી રહિત

છે ચિદાનંદ આત્મા, એક સમય માત્ર સહિત થયો નથી, થવાનો નથી ત્રણકાળમાં. આહાહા! માને છે એની બુદ્ધિભ્રષ્ટ છે. એ શ્રદ્ધાથી ભ્રષ્ટ થયો છે આત્મા. એ બોલે છે ને કહે છે, બકે છે એ. એનો બકવાસ છે. ભગવાન ના પાડે છે. ભગવાન તો કહે છે બધા આત્માઓ ભગવાન છે. આસ્રવથી ભિન્ન આત્મા છે. પુણ્ય-પાપના મલિનભાવથી આત્મા ત્રણેકાળ ભિન્ન છે. આહાહા! શ્રદ્ધાની વક્રતા આવી ગઈ એને. અનાર્યતા છે. અનાર્ય કોને કહેવો. માંસાહાર કરે તે અનાર્ય છે એમ નથી. આત્માને પુણ્ય-પાપવાળો માનવો એ અનાર્ય છે, આર્ય નથી. આ કયારની વાત હશે? કે આ અત્યારની વાત ત્રણેકાળ આત્માનું સ્વરૂપ બતાવે છે. સંતો આત્માનું જેવું સ્વરૂપ (જેવું છે તેવું બતાવે છે.)

આ તારા ઘરને તેં જોયું નથી. આર્ય એટલે સરળ. જેમનું સહજ જ્ઞાયકમૂર્તિ પોતાનો સ્વભાવ-જ્ઞાયકમૂર્તિ આત્મસ્વરૂપ છે. છે તેવું જ માનવું એમ. છે તેવું માનવું. જરા પણ વિપરીત માનવું તે, આહાહા! વિપરીત માનવું તે અસરળતા છે. અને ચૈતન્ય સ્વરૂપની સમજણમાં આડાઈ કરીને કોઈ વિકલ્પ કે વ્યવહારના આશ્રયે લાભ માનવો તે અનાર્યતા છે. વ્યવહારરત્નત્રય પણ રાગરૂપ છે. આહાહા! વ્યવહારરત્નત્રયના પરિણામ મિથ્યાદષ્ટિને પ્રગટ થયા નથી. છતાં કહે છે કે જેની દશામાં વ્યવહારરત્નત્રયના પરિણામ સાધકને પ્રગટ થયા તે પણ રાગરૂપ છે. વીતરાગતારૂપ નથી. કેમકે પરાશ્રિત છે. તે આત્માનું સ્વરૂપ નથી.

વ્યવહારરત્નત્રય એ ત્રિકાળી આત્માનું તો સ્વરૂપ નથી પણ પર્યાયનું સ્વરૂપ પણ એ નથી. વ્યવહારરત્નત્રયના પરિણામ, વજુભાઈ! ત્રિકાળી જ્ઞાયકનું તો સ્વરૂપ નથી પણ એ નિશ્ચયરત્નત્રયના જે પરિણામ છે એ પર્યાયનું સ્વરૂપ છે. અને વ્યવહારરત્નત્રયના પરિણામ એ તો મલિન છે, બંધનું કારણ છે. એ પર્યાયનો સ્વભાવ નથી, તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા તો જ્ઞાયકસ્વરૂપ પુણ્ય-પાપથી રહિત છે. પુણ્ય-પાપ રહિત થાય છે તે પર્યાય છે અને પુણ્ય-પાપ રહિત છે તે આત્મસ્વભાવ દ્રવ્ય છે ત્રણેકાળ. વ્યવહારરત્નત્રયના પરાશ્રિત ભાવથી તેને લાભ માનવો એ અનંત કપટનું સેવન છે. અને તે વ્યવહારનો આશ્રય છોડીને નિશ્ચય શુદ્ધ જ્ઞાતા સ્વભાવને જાણવો, માનવો. જાણેલાનું શ્રદ્ધાન. જાણવો અને જાણીને જેવો જાણવામાં આવે એવો માનવો અને તેમાં સ્થિર થવું. જાણવો, માનવો અને સ્થિર થવું.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણ બોલ કહી દીધા. જ્ઞાતા સ્વભાવને જાણવો-સમ્યક્જ્ઞાન, માનવો-સમ્યગ્દર્શન અને તેમાં સ્થિર થવું તે ચારિત્ર. એમ ઉત્તમ આર્જવ ધર્મ છે. સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાન થયા પછી મુનિદશામાં તે વ્યવહારરત્નત્રયની વૃત્તિ ઉઠે છે તે રાગ છે. કેમકે સાધક છે. તો થોડુંક બાધક તત્ત્વ પણ ઉભું થાય છે. મચકનો રાગ ઉભો થાય છે. તે કાંઈ ઉત્તમ આર્જવ ધર્મ નથી. પણ રાગ રહિત થઈને જેટલો સ્વરૂપમાં ઠર્યો, લીનતા થઈ તેટલો ઉત્તમ આર્જવ ધર્મ છે. ખરેખર તો આત્મા વીતરાગભાવમાં

જ ઉત્તમક્ષમાદિ દસે ધર્મો આવી જાય છે. એક વીતરાગી પર્યાયના ભેદ છે દસ. દસે ધર્મોમાં વીતરાગભાવ એક જ પ્રકારનો છે. દસમાં દસ પ્રકાર નથી. વીતરાગભાવનો એક જ પ્રકાર છે. પણ તે વીતરાગભાવ થયા પહેલાં ક્ષમાદિ જે જાતનો વિકલ્પ હોય તે અનુસાર ઉત્તમ ક્ષમા ધર્મો વગેરે નામથી તે વીતરાગભાવને ઓળખાવવામાં આવે છે.

પૂર્વે શુભરાગનો ક્ષમાભાવ હતો તેનો અભાવ થઈ, લીનતા થઈ તો ઉત્તમ ક્ષમા કરી કહેવામાં આવે છે. અને તે શુભ વિકલ્પને ઉપચારથી ઉત્તમ ક્ષમા આદિ ધર્મ કહેવામાં આવે છે. નિશ્ચયની સાથે જો રાગ હોય તો તેને ઉપચાર લાગુ પડે છે. નિશ્ચય વિના ઉપચાર લાગુ પડતો નથી. હવે એ પ્રકારે કહેવામાં આવે છે. ચારિત્રની અવસ્થાની મુનિરાજની વાત થઈ. હવે ચારિત્ર અવસ્થા પ્રગટ થવા પહેલાં પ્રત્યેક જીવને નિયમથી સમ્યગ્દર્શન થાય છે. અબાધિત ત્રણેકાળ. ત્રણેકાળ ચાર ગતિના જીવની વાત છે. તે ચારિત્ર પ્રગટ થવા પહેલાં જીવને સમ્યગ્દર્શન થાય, થાય ને થાય જ. એમ નિયમ છે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર ત્રણકાળમાં હોય શકે નહીં.

એ સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય તેની ગાથા ૧૧મી છે. સમ્યગ્દર્શન-ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એ ગાથા છે. તેની ટીકા, ૧૧મી ગાથાની.

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુધ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

મૂળ શ્લોક છે. તેની ટીકાઃ- સવા લીટી ચાલી છે. ખાલી વાંચી જાય. વિસ્તાર થઈ ગયો છે. **વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે.** હવે આગળ. **શુધ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી,** એટલે કે શુધ્ધ આત્મા એક જ ભૂતાર્થ હોવાથી, ભૂતાર્થ હોવાથી એટલે કે એ પદાર્થ જેવો છે એવો જ બતાવનાર શુધ્ધનય છે. અંતરમુખ થયેલું જ્ઞાન એ જ્ઞાયકને જુએ છે. તેનું નામ શુધ્ધનય છે. અને શુધ્ધનયનો વિષય જે શુધ્ધાત્મા તેને પણ શુધ્ધનય કહેવામાં આવે છે. અને શુધ્ધનયનો વિષય અને શુધ્ધનયને અભેદ કરીને પણ શુધ્ધનય કહેવામાં આવે છે. એમ શુધ્ધનયના ત્રણ પ્રકાર પડે છે. પ્રકરણ અનુસાર અર્થ સમજવો.

શુધ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી, થવાથી નહીં. ત્રણેકાળ શુધ્ધ આત્મા જ ભૂતાર્થ છે, તેના આશ્રયે જ ધર્મની શરૂઆત થાય છે. વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે, જેવો આત્માનો સ્વભાવ છે, એવો બતાવનાર-કહેનાર-અનુભવનાર એ શુધ્ધનય એક જ છે. શુધ્ધનય એટલે અંતરસન્મુખ થયેલું અતીન્દ્રિયજ્ઞાન જેને સ્વપ્રકાશકજ્ઞાન કહેવામાં આવે છે. શુધ્ધનયથી આત્મા જણાય છે. સ્વ-પરપ્રકાશકજ્ઞાનથી આત્મા જાણવામાં આવતો નથી.

સ્વપ્રકાશક તે નિશ્ચય છે અને સ્વપરપ્રકાશક તે વ્યવહાર છે. જ્ઞાનની પર્યાયનો નિશ્ચય અને જ્ઞાનની

પર્યાયનો વ્યવહાર. રમણીકભાઈ! જ્ઞાનની પર્યાયનો નિશ્ચય અને જ્ઞાનની પર્યાયનો વ્યવહાર. જ્ઞાનની પર્યાયના નિશ્ચય વિના જ્ઞાનની પર્યાયનો વ્યવહાર ત્રણકાળમાં પ્રગટ થઈ શકે નહીં. જ્ઞાનની પર્યાયનો નિશ્ચય એટલે જે જ્ઞાનમાં એકલું જ્ઞાયકનું જ અવલંબન આવે. અભેદનું જ અવલંબન રહે, ભેદનું અવલંબન આવે નહીં. અરે! ભેદને જાણવાનું બંધ કરે ત્યારે અભેદ એક જ જણાય છે. ભેદ જણાતો નથી. જેનું લક્ષ છૂટયું તે જાણવામાં નથી આવતું. જેનું લક્ષ થાય છે તે એક જ જાણવામાં આવે છે. જાણવામાં એટલે અનુભવમાં આવે છે તેને સ્વપ્રકાશક લક્ષણથી આત્મા લક્ષિત થાય છે. આ આગમનું વચન છે.

શુદ્ધનય કહો કે સ્વપ્રકાશકજ્ઞાન કહો, શુદ્ધનયનો વિષય એકલો ત્રિકાળી સામાન્ય છે. શુદ્ધનયનો વિષય વિશેષ એટલે પર્યાય નથી. એ શુદ્ધનય પર્યાયને પ્રસિદ્ધ નથી કરતી પણ શુદ્ધનય સામાન્ય ચિદાનંદ ભગવાન જે આત્મા છે, પરિણામ માત્રથી ભિન્ન આત્મા છે. આહા! એવો જે શુદ્ધાત્મા દષ્ટિનો વિષય-દષ્ટિ કેમ પ્રગટ થતી નથી, સમ્યગ્દર્શન? તો કહે છે કે દષ્ટિનો વિષય તેના લક્ષમાં આવતો નથી માટે સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. સમ્યગ્દર્શનનો વિષય હાથમાં આવે તો સમ્યગ્દર્શન પ્રગટ થાય, થાય ને થાય જ. સમ્યગ્દર્શનનો વિષય, આહા! ઉત્પાદ-વ્યયથી રહિત એવો ધ્રુવ પરમાત્મા છે. યોગીન્દુદેવની પરમાત્મપ્રકાશમાં ગાથા છે કે આ ભગવાન ધ્રુવ પરમાત્મા, યદ્યપિ પર્યાયાર્થિકનયથી જોવામાં આવે તો તે ઉત્પાદ-વ્યયથી સહિત દેખાય છે પરંતુ દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો આ ધ્રુવ પરમાત્મા ઉત્પાદ-વ્યયથી રહિત છે.

તેવો જે ધ્રુવ પરમાત્મા એ ચરમ શરીર જે ત્યારે તેનો મોક્ષ થવાનો છે તેવા તીર્થંકર પરમાત્મા સાધક અવસ્થામાં મુનિદશા અંગીકાર કરે છે ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થવા પહેલાં એ ધ્રુવનું ધ્યાન કરે છે. કે જે ધ્રુવ ઉત્પાદ-વ્યયથી રહિત છે. આહાહા! એ ધ્રુવ છે ને તે ધ્યેય છે. પર્યાય છે તે ધ્યાન છે. અને ધ્યેય અને ધ્યાનની એકતા તેને ધ્યાતા કહેવામાં આવે છે. એ કહે છે તે ભૂત અર્થને, જેવો આત્માનો સ્વભાવ છે તેવો પ્રગટ કરનારો એક જ્ઞાનનો અંશ છે. એ જ્ઞાનનો અંશ એવો છે કે જેવો આત્મા છે તેવો પ્રગટ ન કરે, વિપરીત જણાવે તેને વ્યવહારનય કહેવામાં આવે છે.

આત્મા કર્મના બંધવાળો છે, આત્મા રાગી છે, આત્મામાં જ્ઞાન થાય છે, આત્મામાં ઈન્દ્રિયજ્ઞાન, થાય છે ને આત્મા પરને જાણે છે ને, આહા! આત્માને પરની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આત્માને પરની સાથે જ્ઞાતા, જ્ઞેય સંબંધ છે. એમ વ્યવહારનય અનેક પ્રકારે અન્યથા કથન કરે છે, નિશ્ચયનય જેવું સ્વરૂપ છે તેવું પ્રતિપાદન કરે છે. આહા! પંચાધ્યાયીએ ત્યાં સુધી કહ્યું કે નિશ્ચયનય ઉપર દષ્ટિ રાખનાર અનુભવ પહેલાં સમ્યગ્દષ્ટિ છે.

એ બાબુજીએ ગાથા લીધી હતી. જયપૂરમાં ૧૪૩ ગાથા. વ્યવહારનયની વાત તો ગૌણ કરતાં

આવીએ છીએ પણ નિશ્ચયનયનો પક્ષ છે એ પણ બાધક છે. પક્ષાતિક્રાંત થાય ત્યારે અનુભવ થાય છે. એ વાત કરે છે. કે જેવો આત્માનો સ્વભાવ છે એવા સ્વભાવને પ્રગટ કરનાર જ્ઞાનને નિશ્ચયનય, સત્યાર્થનય, શુદ્ધનય, ભૂતાર્થનય કહેવામાં આવે છે. આ વાત દ્દષ્ટાંતથી બતાવીએ છીએ. સિદ્ધાંત સરળ થાય સમજવા માટે અજ્ઞાની પ્રાણીઓને અનાદિકાળથી શુદ્ધાત્મા જેણે જોયો, જાણ્યો, અનુભવમાં આવ્યો નથી એવા પ્રાણીઓને પણ શુદ્ધાત્માનો અનુભવ કેમ થાય! સંતો કહે છે-અમને તો અનુભવ થયો પણ તમને બધાને અનુભવ કેમ થાય, બધાને. વ્યકિતગત બોધ નથી, સમષ્ટિગત બોધ છે. સાગમટે, ધુમાડાબંધ ગામ આવતા ને? અગાઉના કાળમાં તો ધુમાડાબંધ ગામ. કોઈ બાકી (ન રહે.) હરિજન પણ જમવા આવે. તેને ધુમાડાબંધ કહેવાય.

એમ આ સંતોને કરુણા આવી છે. સાંભળો! તમારા સ્વરૂપને તમે જાણતા નથી. તમારા સ્વરૂપને અમે જાણી લીધું છે. કેમકે અમારું જેવું સ્વરૂપ છે એવું તમારું સ્વરૂપ છે. અમારા સ્વરૂપમાં અને તમારા સ્વરૂપમાં કિંચીત્ માત્ર અમને ફરક દેખાતો નથી. જેની દ્રવ્યદ્દષ્ટિ થઈ ચૂકી છે. જેણે જ્ઞાયકને દ્દષ્ટિમાં લીધો છે. અને જ્ઞાયક તે જ આત્મા છે એમ જેને શ્રદ્ધામાં ને પ્રતીતમાં ને અનુભવમાં આવી ગયું છે. તે સંતો બીજાને, આહા! દુ:ખી દેખીને તેના અજ્ઞાનથી, અજ્ઞાન એટલે સંસ્કૃત નથી જાણતો માટે અજ્ઞાન નહીં, પ્રાકૃત નથી જાણતો માટે અજ્ઞાન નહીં, ઈંગ્લીશ નથી ભણ્યો માટે અજ્ઞાન નહીં, વ્યાકરણ નથી જાણતો માટે અજ્ઞાન નહીં. અજ્ઞાન એટલું કે પોતાના નિજ પરમાત્માને ભૂલી ગયો છે. આહા! નિજ પરમાત્માના જ્ઞાનથી ભ્રષ્ટ થઈને અજ્ઞાન કહેવામાં આવે છે.

(દ્દષ્ટાંત સમજાશે)તો સિદ્ધાંત સમજવો સહેલો થશે. કે આ તો દ્દષ્ટાંત છે. એ તો અમે જાણીએ છીએ. નથી જાણતો તું! તું દ્દષ્ટાંતને પણ યથાર્થપણે સમજતો નથી. સાંભળ દ્દષ્ટાંત આપે છે. જળની અવસ્થાનો અનુભવ કરનારા પુરુષો જળ અને કાદવનો વિવેક નહીં કરનારા, આહા! પાણી સહજ એક સામાન્ય પડખું અને વિશેષ બીજા પડખામાં. એમ લખ્યું જળ અને કાદવનો એમ લખ્યું. જળ અને જળની પર્યાય એમ લખ્યું નથી. માર્મિક વાત છે. શાંતિથી સાંભળવા જેવું છે. આહા!

જળનો, તેથી ઉપર કહ્યું કે સહજ નિર્મળ જે સ્વભાવ તે જળ છે. અને પાણીની જે અવસ્થા માટીના સંગે જે મલિન થઈ છે તે, તે પાણીની મલિન અવસ્થા વ્યવહારનયે પાણીની અવસ્થા છે. નિશ્ચયનયે તે અવસ્થા માટીની છે. પાણીની પર્યાય મલિન ન થઈ હોત તો કોઈ ફટકડી નાખત નહીં. અને પાણીની પર્યાય સર્વથા પાણીની જ હોત તો એ જુદી પડત નહીં. માટે માટીની અવસ્થા છે. માટે જુદી પડી જાય છે. એ પાણીની પર્યાયનો વિભાવ સ્વભાવ છે. પાણીની પર્યાયનો વિભાવ છે. પાણીની પર્યાયનો સ્વભાવ નથી. માટીનો સ્વભાવ છે. પાણીની પર્યાયનો મલિનતા એનો સ્વભાવ નથી. કેમકે સ્વભાવ હોય તો તેનો અભાવ ન થાય. માટે પાણીની પર્યાયનો વિભાવ તો થયો છે. નૈમિત્તિક અવસ્થા

નિમિત્તના સંગે થઈ છે. પણ વ્યવહારનયથી જોવામાં આવે તો એ પાણીની અવસ્થા દેખાય છે સ્વભાવગ્રાહી જ્ઞાનથી જોવામાં આવે તો એ માટીની અવસ્થા છે. જેના સંગે થાય છે એની છે. પાણીના સંગે પાણી મલિન નથી થતું . પાણીની મલિન પર્યાય પાણીનું ત્રિકાળી ઉપાદાન નથી. પાણીની પર્યાય મલિન, બે નયનું તો જ્ઞાન જોઈએ. પછી અનુભવ થઈ ગયા પછી બીજી નયોનું તમે જ્ઞાન કરો તમને છૂટ છે. પ્રવૃત્તિ જાજી (વધારે) છે, નિવૃત્તિ ઓછી છે. બુધ્ધિ કમ છે. આહા! માટે પ્રયોજનભૂત વાત ઉપર તું લક્ષ દઈને તારું કામ કરી લે. નહીંતર શાસ્ત્રનો તો કોઈ પાર નથી.

કહે છે કે જળ ને કાદવનો વિવેક નહીં કરનારા ઘણા તો, બધા જ નહીં. ઘણા શબ્દ વાપર્યો. પાણીની અવસ્થા માટીના સંગે જે મલિન દેખાય છે તેથી પાણી જાણે મલિન જ છે એમ અનુભવે છે. પણ આ હવે, ઘણા તો તેને (જળને) પાણીને મલિન જ અનુભવે છે; પણ કેટલાક, આહા! ઓલામાં ઘણા હતું બધા નહોતા. અને આમાં બધા નહીં પણ કેટલાક, કેટલાક તો પોતાના હાથથી, પોતાના હાથે, માણસને નથી કહેતાં કે ફટકડી નાખો. નિર્મળી ઔષધી. પોતાના હાથથી નાખેલા કતકફળ-નિર્મળી ઔષધી, ઔષધી આવે છે તેને નિર્મળી કહેવામાં આવે છે. અને પાણીની પર્યાયમાં પણ નિર્મળતા પ્રગટ થવા લાગે છે. પડવામાત્રથી ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી, આ કાદવ છે. એ પાણીનો સ્વભાવ નથી. વ્યવહારનયે પાણીની પર્યાય કહી પણ નિશ્ચયનયે માટીની પર્યાય છે. એ નિશ્ચયનયે જો પાણીની પર્યાય માને તો તેની ભૂલ છે. અને વ્યવહારનયે પાણીની પર્યાય હોવા છતાં તેને પાણીની પર્યાય જ નથી એમ માને, એકાંતે માટીની છે તોપણ તેની જ્ઞાનની ભૂલ થાય છે. આહાહા!

'જયાં જયાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ' પાણીની પર્યાય એ વખતે મલિન છે. નિર્મળ પર્યાય છે એમ માને તો તેની ભૂલ છે. અને એ મલિનને પાણીનો સ્વભાવ માને તોપણ ભૂલ છે. કહે છે કે મલિન જ અનુભવે છે; પણ કેટલાક પોતાના હાથથી નાખેલા કતકફળ (નિર્મળી ઔષધી)ના પડવામાત્રથી ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી, આહા! વહેંચણી થઈ ગઈ હવે તેને. કે પાણી જુદું અને મેલ જુદો દેખાવા લાગે તેને. વિવેકપણાથી પોતાના પુરુષાર્થ દ્વારા, પોતાના પુરુષાર્થ દ્વારા, લ્યો! આ પુરુષાર્થ! ફટકડી નાખવી તે પુરુષાર્થ અને તેમાં પ્રયોજનની શું સિધ્ધિ થઈ કે નિર્મળ પાણીની પ્રાપ્તિ થઈ ગઈ. આ પુરુષાર્થથી શું થયું? કે મલિન પાણીનો અભાવ થયો અને નિર્મળ પાણીની પ્રાપ્તિ થઈ. સત્ય પુરુષાર્થથી આમ થાય છે. પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા, આવિર્ભૂત, આહાહા! પાણી જેવું હતું તેવું પ્રગટ થવા લાગ્યું. એને ખ્યાલમાં આવવા લાગ્યું. કરવામાં આવેલા સહજ એક, ઓલા ને ઓલા શબ્દો પાછા.

જે સ્વભાવ તિરોભૂત થઈ ગયો હતો તે ફટકડી નાખતાં, આહા! એને ખ્યાલમાં આવ્યું, ઓહો! પાણી તો નિર્મળ છે. હું તો મલિન અનુભવતો હતો, મલિન માનતો હતો પણ ફટકડી નાખતા મને

અનુભવ થાય છે કે પાણી મલિન નહોતું પણ માટી મલિન હતી એટલે તેનો અભાવ થાય છે. આહા! પાણીની પર્યાય એ સર્વથા પાણીની હોત તો મલિન પર્યાયનો અભાવ થતાં પાણીનો પણ નાશ થઈ જાત. પણ મલિન પર્યાયનો અભાવ થવા છતાં પાણીનો તો અભાવ થતો નથી તેથી પાણી અને મલિન પર્યાય ભિન્ન છે. એમ પ્રત્યેક જીવને અનુભવમાં આવી શકે છે.

નિર્મળભાવ જે આચ્છાદિત થઈ ગયો હતો, તિરોભૂત થઈ ગયો હતો, મલિનની દષ્ટિમાં નિર્મળ દેખાતું નહોતું. હવે મલિન વખતે નિર્મળ છે એમ વ્યવહારશ્રદ્ધા કરીને ફટકડી નાખે છે. વ્યવહારશ્રદ્ધા વિના એ ફટકડી નાખે નહીં. વ્યવહારશ્રદ્ધાની પણ ત્યાં કિંમત છે. કે ફટકડી નાખ! કેમ ફટકડી નાખું? કે પાણીનો સહજ સ્વભાવ નિર્મળ છે. (તો) કહે તમે જોયો છે? તો કહે હા, ફટકડી નાખીને અમે અનુભવ કરેલો છે. એ સ્વભાવ તિરોભૂત થઈ ગયો છે. એનો નાશ થયો નથી.

એમ અનુભવી પુરુષ કહે છે કે તારો સ્વભાવ મલિન થયો નથી. આહા! હવે આગળ કહેશે. સહજ એક નિર્મળભાવપણાને લીધે, તેને એટલે જળને-પાણીને નિર્મળ જ અનુભવે છે. આહા! કથંચિત નિર્મળ અને કથંચિત મલિન એમ કેમ ન લખ્યું? કે મલિન છે જ નહીં. સ્વભાવ અપેક્ષાએ પણ નિર્મળ અને વ્યકત પર્યાય અપેક્ષાએ પણ નિર્મળ. આહાહા! જ્ઞાનીઓ એમ કહે છે કે, અજ્ઞાનીઓ કલ્પના કરે છે કે દ્રવ્યે આત્મા શુદ્ધ અને પર્યાયે અશુદ્ધ (છે.) એ તેની વિકલ્પના વિરૂદ્ધ કલ્પના છે તેની. જ્ઞાની તો એમ જાણે છે કે દ્રવ્યે શુદ્ધ અને પર્યાયે શુદ્ધ આત્મા છે.નિયમસારમાં આ (૭૨ નંબરનો)શ્લોક છે. કહે છે કે નિર્મળ, હા, નિર્મળ. કેમકે પાણીની મલિન પર્યાયનો વ્યય અને નિર્મળ પર્યાયનો ઉત્પાદ થઈ ગયો છે. નિર્મળ પર્યાયના ઉત્પાદ વિના નિર્મળ સ્વભાવ દષ્ટિગોચર થાય નહીં. પર્યાયમાં મિથ્યાત્વ રહી જાય અને જ્ઞાયક જણાય જાય એમ બનવાનું નથી.

ફટકડી નાખતા મલિન પર્યાયનો વ્યય, નિર્મળ પર્યાયનો ઉત્પાદ અને નિર્મળ સ્વભાવનો સદ્ભાવ એકનો વ્યય બીજાનો ઉત્પાદ અને બેયની અન્વયરૂપે રહેલો પાણીનો સામાન્ય સ્વભાવ. આહા! ત્રણનું જ્ઞાન થઈ જાય. વ્યયનું જ્ઞાન થાય, ઉત્પાદનું જ્ઞાન થાય અને ધ્રુવનું પણ જ્ઞાન થાય. સામાન્ય તે ધ્રુવ. નિર્મળભાવપણાને લીધે, તેને એટલે જળને. ફટકડી નાખ્યા પછીની વાત છે. જળને-પાણીને નિર્મળ જ, આહા! નિર્મળ જ અનુભવે છે. પાણીની પર્યાયમાં મલિન હોય ત્યારે નિર્મળનો અનુભવ ન થાય. ફટકડી નાખે મલિનનો વ્યય, નિર્મળનો ઉત્પાદ, એ નિર્મળનો ઉત્પાદ ત્રિકાળ નિર્મળને પ્રસિદ્ધ કરતો પ્રગટ થાય છે. ત્યારે પાણી, આહા! પાણી, આ તો નિર્મળ જ હતું. મારી દષ્ટિમાં આવ્યું નહોતું. મારી દષ્ટિમાં આવતું નહોતું. ફટકડી નાખતા પાણી નિર્મળ છે એવો અનુભવ થઈ જાય છે.

એવી રીતે પ્રબળ કર્મના મળવાથી, હવે આપણે સિદ્ધાંતમાં આવીએ છીએ. દષ્ટાંત પુરો થયો. પાણી મલિન કહેવાય પણ પાણી મલિન નથી થયું. પાણીની અવસ્થા મલિન થઈ છે. પાણી મલિન

લખ્યું હોય તોપણ પાણીની અવસ્થા મલિન થઈ છે એમ વાંચવું જોઈએ. પાણી મલિન થતું નથી. સામાન્ય પડખાને સુરક્ષિત રાખીને જો વિશેષનું જ્ઞાન કરે તો ભૂલ નહીં થાય. સામાન્ય પડખાને દૃષ્ટિમાંથી છોડી દેશે અને વિશેષને જાણવા રોકાશે, જાણવા જશે તો તેને અજ્ઞાન ઊભું થશે.

મુમુક્ષુ :- મલિનતાનો સ્વામી માટી છે. મલિનતાનો સ્વામી માટી છે.

ઉત્તર :- હા, માટી છે. અહીંયાં ધીરૂભાઈ! હમણાં ભાઈએ બહાર પાડ્યું છે. સેક્રેટરી સાહેબે. તમે નહોતા એટલે કહી દઉં, કોઈ નવા હોય તો તેને કહી દઉં. કે ચાલુ વાંચનમાં કોઈએ કાંઇ બોલવું નહીં. તમને ખબર નહોતી એટલે બોલ્યા. એટલે ક્ષમ્ય છે. તમે નહોતા. ભાઈએ બહાર પાડયું છે.

શું કહ્યું પ્રભુ! એક સાંભળ વાત! કેમ! કિશોરભાઈ! કાયદાનું પાલન તો સેક્રેટરી સાહેબ કહે એ આપણે બધાને માટે છે. આ છે શાંતિથી સાંભળવા જેવું. લક્ષ દઈને એણે ખરેખર રુચિપૂર્વક સાંભળ્યું પણ નથી. આહા! એક વખત રુચિપૂર્વક લક્ષ દઈને સાંભળે. ખાલી રુચિપૂર્વક લક્ષ દઈને જેમ છે તેમ સાંભળે તો ભાવી નિર્વાણ ભાજનમ. જે જીવે પ્રસન્ન ચિત્તથી રુચિપૂર્વક સાંભળ્યું છે તે અવશ્ય ભાજન થાય છે. અવશ્યનો કોલ કરાર કર્યો છે. દેવસીભાઈ! અવશ્ય ભાજન થાય છે. એક વખત શુધ્ધાત્માની વાત રુચિપૂર્વક, ધ્યાન દઈને, કઈ અપેક્ષાએ કથન છે અને મારું પ્રયોજન શેમાં સિધ્ધ થાય છે એ પ્રયોજન ઉપર લક્ષ રાખીને સાંભળીશ તો કામ થઈ જશે. આહા! થઈ ગયો વખત. થઈ ગયો ટાઈમ. લ્યો!